INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૫-૦૫-૨૦૨૬**

- **ચૂંટણીમાં ભાજપના ઈશારે પોલીસ અને પ્રાંત અધિકારીઓનો ખુલ્લો દુરુપયોગ, લોકશાહીનું હનન :શ્રી અમિત ચાવડા**
- **ભાજપનો કેસરી ખેસ પહેરી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પોલીસ,સરકારી વકિલ અને પ્રાંત અધિકારી કામ કરી રહ્યા છે : શ્રી અમિત ચાવડા**
- **ભાજપ અને અધિકારીઓની મીલિભગતના કારણે સ્પષ્ટ બહુમતી છતાં દિયોદરમાં કોંગ્રેસને સત્તાથી દૂર રાખવાનું ષડયંત્ર : શ્રી અમિત ચાવડા**
- **DDOઓએ ઓર્ડર કર્યો હોવા છતાં, આણંદ જિલ્લા પંચાયતના કોંગ્રેસ પક્ષના પ્રમુખ ગૌરીબેન તડવીને નોટિસ આપ્યા વિના રાતોરાત વચગાળાનો સ્ટે આપી દેવાયો :શ્રી અમિત ચાવડા**
- **જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક કડક તપાસ અને કાયદાકીય કાર્યવાહી કરવા કોંગ્રેસ પક્ષની માંગ :શ્રી અમિત ચાવડા**
- **ભાજપ સરકાર સાચા આદિવાસીના અધિકાર છીનવી રહી છે, આજે જિલ્લા પંચાયતનું પ્રમુખ પદ છીનવ્યું છે, કાલે નોકરીઓ અને રાજકારણના પદો પણ બીજા રાજ્યમાં જન્મેલા છીનવી લેશે: શ્રીઅમિત ચાવડા**
- **ખોટા પ્રમાણપત્રના આધારે પ્રમુખ પદ મળ્યું, ગુજરાતના સાચા આદિવાસીઓ સાથે ઘોર અન્યાય:શ્રી તુષારભાઈ ચૌધરી**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનનીય શ્રી અમિતભાઈ ચાવડાએ રાજીવગાંધી ભવન ખાતે પ્રેસ મીડિયાને સંબોધન કરતા કહ્યું કે, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ દરમિયાન સત્તાધારી પક્ષ દ્વારા સરકારી તંત્ર અને પોલીસ પ્રશાસનનો દુરુપયોગ કરીને લોકશાહી તેમજ બંધારણીય મૂલ્યોને નેવે મૂકવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. ચૂંટણી પ્રક્રિયાથી લઈને પ્રમુખ-ઉપપ્રમુખની વરણી સુધી, વિપક્ષી કોંગ્રેસના ઉમેદવારો અને કાર્યકરોને ખોટી રીતે હેરાન કરવામાં આવ્યા અને જનતાના જનાદેશને કચડવાનો પ્રયાસ કરાયો, જે અંગે રાજ્યના DGPને રૂબરૂ મળીને લેખિત-મૌખિક રજૂઆતો પણ કરવામાં આવી હતી. આ પક્ષપાતી વલણના જીવંત પુરાવા રૂપે તાપી જિલ્લાની વ્યારા તાલુકા પંચાયતની ચૂંટણીનો દાખલો સામે આવ્યો છે, જ્યાં ૨૦ માંથી ૧૩ બેઠકોની સ્પષ્ટ બહુમતી ધરાવતી કોંગ્રેસના સભ્યો જ્યારે મતદાન માટે જઈ રહ્યા હતા, ત્યારે પોલીસની ૧૧ ગાડીઓએ તપાસના બહાને તેમને કલાકો સુધી રોકી રાખ્યા અને ગેરકાયદેસર રીતે પોલીસ સ્ટેશને બેસાડી રાખ્યા હતા. વિરોધ પક્ષના નેતાની પ્રત્યક્ષ હાજરી છતાં સુરત અને નવસારી જિલ્લાની પોલીસે સત્તાધારી ભાજપના કાર્યકરોની જેમ વર્તીને કોંગ્રેસના સભ્યોને મીટિંગમાં જતા અટકાવ્યા, જે વહીવટી તંત્રની એકતરફી દાદાગીરી અને સત્તાના જોરે લોકશાહીને ખતમ કરવાના પૂર્વઆયોજિત પ્રયાસોને ખુલ્લા પાડે છે.

દિયોદર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ સ્પષ્ટ બહુમતી ધરાવતો હોવા છતાં નિયત સમય કરતાં એક કલાક મોડા આવેલા ચૂંટણી અધિકારી (પ્રાંત કલેક્ટર)ની હાજરીમાં બેઠક શરૂ થતાં જ, ભાજપના સભ્યોએ પૂર્વ આયોજિત વ્યૂહરચના મુજબ અંદરોઅંદર હોબાળો શરૂ કર્યો હતો. બીજી તરફ, કોંગ્રેસના તમામ સભ્યો સંપૂર્ણ શિસ્ત અને શાંતિ જાળવીને બેઠા હોવા છતાં, ચૂંટણી અધિકારીએ કોઈ પણ વ્યાજબી કારણ વિના 'સ્થિતિ કાબૂ બહાર છે' તેવું આભાસી બહાનું ધરીને બેઠક તાત્કાલિક મુલતવી રાખી હતી. ત્યારબાદ અધિકારી 27 તારીખે મિટીંગ કરવા માટેની જાહેરાત કરે છે. કારણ કે કોંગ્રેસના સભ્યોમાં એક મહિલા પ્રેગ્નેન્ટ છે જેને ડૉક્ટર દ્વારા 27 તારીખ આપવામાં આવી હતી. એની જાણ ભાજપને અને અધિકારીને થતાં ષડયંત્ર કરીને જાણી જોઈને દિયોદરના ચૂંટણી અધિકારી, પ્રાંત કલેક્ટરે આ મિટીંગ મુલતવી રાખીને ભાજપને મદદ કરવાનો પ્રયત્ન કર્યો છે.વહીવટી પક્ષપાતનો આવો જ બીજો કિસ્સો આણંદ જિલ્લા પંચાયતની પ્રમુખપદની ચૂંટણીમાં પણ જોવા મળ્યો, જ્યાં આદિવાસી (ST)

અનામત બેઠક પર ભાજપના ઉમેદવાર મયુરીબેન પટેલે ફોર્મ ભર્યું હતું. મૂળ મહારાષ્ટ્રના વતની હોવાના કારણે અન્ય રાજ્યના એસ.ટી. પ્રમાણપત્રના આધારે તેઓ ગુજરાતમાં આ અનામતનો લાભ મેળવવા પાત્ર ન હોવા છતાં સત્તાના જોરે ફોર્મ ભરાવવામાં આવ્યું હતું, જેને આખરે ચૂંટણી અધિકારી (DDO) દ્વારા કાયદેસરની કાર્યવાહી (Proceeding) નોંધીને રદ કરવાની ફરજ પડી છે.આણંદના કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારી (DDO) એ મીડિયા સમક્ષ નિવેદન આપી કાયદેસરનો ઓર્ડર કર્યો હોવા છતાં, કોંગ્રેસ પક્ષના પ્રમુખ ગૌરીબેન તડવીને કોઈ પણ નોટિસ આપ્યા વિના રાતોરાત વચગાળાનો સ્ટે આપી દેવાયો હતો, જેમાં સરકારી વકીલે પણ ચૂંટણી અધિકારીના ઓર્ડરનો બચાવ કરવાને બદલે ભાજપને મદદરૂપ થવાનું વલણ અપનાવ્યું હતું. તેવી જ રીતે, દિયોદરમાં પ્રાંત અધિકારી દ્વારા ભાજપને ફાયદો કરાવવા માટે એકતરફી નિર્ણય લઈ મીટિંગ મુલતવી રાખવામાં આવતા આક્રોશિત જનતાએ અધિકારીઓનો ભારે વિરોધ કર્યો હતો. આ ત્રણેય કિસ્સાઓમાં સમગ્ર ગુજરાતમાં પોલીસ અને વહીવટીતંત્ર તટસ્થ કામગીરી કરવાને બદલે લોકશાહીના મૂલ્યો અને કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને ભાજપ પક્ષના ઈશારે કામ કરી રહ્યા છે. જે રીતે દિયોદરમાં જનતાએ કે અધિકારીઓને રસ્તા પર દોડાવ્યા છે.તેવી જ રીતે આવનારા દિવસોમાં અધિકારીઓ ઉપર મતદારોનો આક્રોશ છે. જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક કડક તપાસ અને કાયદાકીય કાર્યવાહીની કોંગ્રેસ પક્ષ તપાસની માંગણી કરે છે.

વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણીમાં ખોટા પ્રમાણપત્રના આધારે ઉમેદવારી ફોર્મ મંજૂર થવાની ઘટના અત્યંત ખેદજનક અને સમગ્ર ગુજરાતના આદિવાસી સમાજ માટે ચિંતાજનક છે. સરકારના કોઈપણ દબાણમાં આવ્યા વિના નીતિ-નિયમો મુજબ નિષ્પક્ષ રહીને એ ખોટું ફોર્મ રદ કરનાર જિલ્લા વિકાસ અધિકારી (DDO) ખરેખર અભિનંદનને પાત્ર છે, કારણ કે આ પ્રમાણપત્ર એટલું સ્પષ્ટપણે ખોટું છે કે આદિવાસી વિશ્લેષણ સમિતિ તેને એક મિનિટમાં જ અમાન્ય જાહેર કરી દે. ચિંતા માત્ર અઢી વર્ષના પ્રમુખપદની નથી, પરંતુ આ ચુકાદાને આધાર બનાવીને ભવિષ્યમાં જો મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરાખંડ કે ઝારખંડ જેવા અન્ય રાજ્યોના લોકો ગુજરાતની સરકારી નોકરીઓ અને વિધાનસભાની ૨૭ અનામત બેઠકો પર ખોટા પ્રમાણપત્રો સાથે હક જમાવવા લાગશે, તો ગુજરાતનો સાચો અને મૂળ આદિવાસી ક્યાં જશે? આદિવાસી સમાજ પહેલેથી જ ખોટા પ્રમાણપત્રો સામે મોટી લડાઈ લડી રહ્યો છે, ત્યારે હાઈકોર્ટના ચુકાદાના ઓઠા હેઠળ આવા ઉમેદવારને પ્રોત્સાહન આપીને સરકારે પડતા પર પાટું મારવાનું કામ કર્યું છે, જે સાચા આદિવાસીઓ સાથે ઘોર અન્યાય સમાન હોવાથી સખત શબ્દોમાં વખોડી નાખવા પાત્ર છે..

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા